ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# શહેરમાં સર્વત્ર ઉગી નીકળેલી નકામી વનસ્પતિ સ્વચ્છતા અભિયાનમાં અંતરાય

## વનસ્પતિથી ફૂટપાથો પણ ઢંકાઈ ગઈ છે, ઝેરી જનાવરો તથા જીવજંતુઓ ભરાઈ રહે છે

ગાંધીનગર, તા. ૬

મેઘરાજાની મહેરબાનીથી નગરમાં સર્વત્ર આપોઆપ નકામી વનસ્પતિ ઉગી નીકળી છે. સમગ્ર હાલમાં ચાલી રહેલા સ્વચ્છતા અભિયાનમાં અંતરાય ઉભા કર્યા છે. જેથી તંત્ર દ્વારા સત્વરે આ નકામી વનસ્પતિ દૂર કરવા અભિયાન હાથ ધરવું જોઈએ



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

નગરને આ નકામી વનસ્પતિએ અજગરી ભરડામાં લઈ લીધી છે. શહેરના મુખ્ય માર્ગો, ફૂટપાથો, મેદાનો અને સરકારી વસાહતો નકામી વનસ્પતિના ઢગના ઓથા હેઠળ ઢંકાઈ ગઈ છે. ઝેરી જનાવરો તથા જીવજંતુઓના રહેઠાણ બનેલા આ વનસ્પતિના ઝુંડ તેવી નગરજનોની માંગ છે.

સ્વચ્છ અને હરીયાળા ગાંધીનગરમાં ઠેર ઠેર નકામી વનસ્પતિ મોટા પ્રમાણમાં ઉગી નીકળતા સમગ્ર નગર કદરૂપું ભાસી રહ્યું છે. સારા વરસાદથી પુરતુ

● અનુસંધાન પાન-૭ પર

# ઉભરાતી ગટરોની સમસ્યા ડામવા સેકટરોમાં નવું જોડાણ અપાશે

## સે-૨૪ના ઈન્દિરાનગર, ડબલડેકર વિસ્તારમાં કામ શરૂ : સે-૨૧ શાકમાર્કેટ પાછળના ભાગમાં પણ લાઈનનું કામ હાથ ધરાશે

ગાંધીનગર, તા.૭

શહેરમાં સે-૨૪, સે-૨૧ અને સે-૨૯માં ગટરો ઉભરાવવાની ફરિયાદોને ડામવા તંત્ર દ્વારા લાઈનમાં નવું જોડાણ આપવાની કામગીરી હાથ ધરાશે. સે-૨૪માં સ્થિત ડબલડેકર અને ઈન્દિરાનગર વિસ્તારમાં જનઆક્રોશને ધ્યાને લઈ કામ શરુ પણ કરી દેવાયું છે.

શહેરમાં ગટરો ઉભરાવવાની સમસ્યા દિન પ્રતિદિન જટીલ બનતી જાય છે. શહેરમાં દાયકાઓ પૂર્વે ઉપલબ્ધ કરાયેલી ગટર વ્યવસ્થા હાલની વસતી અને વિકાસ મુજબ પર્યાપ્ત ન હોવાથી ગટરવ્યવસ્થાને અપગ્રેડ કરવાનું અનિવાર્ય બન્યું હોવાનો પણ સૂર ઉઠવા પામ્યો છે. સેકટરોમાં છાશવારે ઉદભવતી ગટરો ઉભરાવવાની ફરિયાદો તંત્ર માટે પણ શિરદર્દ સમાન બની છે. જેમાં ખાસ કરીને સે-૨૪માં છેલ્લા ઘણા સમયથી ઈન્દિરાનગર અને ડબલડેકર વિસ્તારમાં ઉભરાતી ગટરોના લીધે નાગરિકો મુંઝવણ અનુભવી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર સે-૨૪, સે-૨૯, સે-૨૧ ને આદીવાડા

● અનુસંધાન પાન-૭ પર



આડેધડ પાર્કિંગ - ઘ-૪થી ઘ-૫ના સર્વિસ રોડ પર પાર્કિંગની સમસ્યા ઘેરી બનતી જાય છે... શહેરની મોટાભાગની બેંકો આ વિસ્તારમાં છે. પાટનગર યોજનાની વડી કચેરી પણ અહીં જ છે અને સાથે સાથે મોટાભાગની દુકાનો અહીંયા જ હોવાથી ટ્રાફિક વારંવાર જામ થઈ જાય છે... પાર્કિંગ આડેધડ થતાં ટ્રાફિકમાં અવ્યવસ્થા સર્જાય છે... આ વિસ્તારના પાર્કિંગ સંદર્ભે સત્તાવાહકોએ તાકિદે વિચારવાની આવશ્યકતા છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# પરીક્ષા કેન્દ્રો આસપાસના ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા જાહેરનામુ

## પરીક્ષા કેન્દ્રોમાં મોબાઈલ સહીતના સંદેશા વ્યવહારના સાધનો લઈ જવા ઉપર પણ પ્રતિબંધ

ગાંધીનગર, તા. ૭

ધો. ૧૧ અને ૧૨ ની સેમેસ્ટર પરીક્ષાને અનુલક્ષી પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરિતી ન થાય તેમજ વિદ્યાર્થીઓ શાંતિપૂર્ણ અને નિર્ભય રીતે પરીક્ષા આપી શકે તે માટે અધિક જિલ્લા રજીસ્ટ્રાર દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે. જે અન્વયે પરીક્ષા કેન્દ્રો આસપાસના ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા તેમજ કેન્દ્રોમાં આધુનિક સંદેશા વ્યવહારના સાધનો લઈ જવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

માધ્યમિક અને ઉચ્ચત્તાર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તા. ૧૧ થી ૧૯ ઓકટોબર, ૨૦૧૪ દરમિયાન એચ.એસ.સી. વિજ્ઞાન

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા પંચાયતની બેઠક વ્યવસ્થામાં ફેરફાર કરાયા

## બાંધકામ સમિતિના ચેરમેનની કચેરી પહેલા માળે ખસેડવામાં આવી

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓના ચેરમેનોની બેઠક વ્યવસ્થામાં ફેરફાર કરવામાં આવ્યો છે.

બાંધકામ સમિતિના ચેરમેનશ્રી સદેસિંહ ઝાલાની ઓફિસ જે ત્રીજા માળે હતી તેમને કારોબારી સમિતિના ચેરમેનની ઓફિસમાં ખસેડવામાં આવ્યા છે જયારે કારોબારી સમિતિના ચેરમેનને ઉપર જગ્યા ફાળવવામાં આવી છે.

શ્રી ઝાલાએ આજે તેમની નવી ચેમ્બરમાં પોતાનો હોદ્દો સંભાળીલીધો છે. નવી ચેમ્બરમાં પ્રવેશ વખતે જિલ્લા પંચાયતના પ્રનુખ શ્રીમતી હીનાબેન પટેલ, સદસ્યો શ્રીમતી ઉષાબેન પટેલ, ગાભાજી ઠાકોર, ભીખીબેન ઠાકોર સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી ઝાલાએ તેમને પગની તકલીફ હોવાથી નીચે ચેમ્બર ફાળવવા કરેલી રજુઆતને પગલે આ ફેરફારો કરવામાં આવ્યા છે.

# ખેલ મહાકુંભની બેડમિગ્ટનમાં શાસ્ત્રી-શાહની જોડી ચેમ્પીયન

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લામાં ખેલ મહાકુંભ અંતર્ગત બેડમિગ્ટનની વેટનર્સ ડબલ્સ સ્પર્ધામાં હિરેન શાસ્ત્રી તથા મનીષ શાહની જોડીએ ચેમ્પીયનશીપ મેળવી છે.



હિરેન શાસ્ત્રી અને મનીષ શાહની જોડીએ ભરત ઉપાધ્યાય અને વર્ગીસની જોડીને સીધી સ્પર્ધામાં ૨૧-૧૦ અને ૨૧-૧૨થી વિજય મેળવ્યો હતો. શાસ્ત્રી અને શાહની જોડીએ શરૂઆતથી આક્રમક રમતનું પ્રદર્શન કર્યું હતું અને ઉપાધ્યાય વર્ગીસની જોડી તેનો પ્રતિકાર કરવામાં નિષ્ફળ રહી હતી.

૧૬થી ૪૫ વર્ષની સીંગલ્સની સ્પર્ધામાં રાજગણાત્રાએ સની ચૌધરીને ૧૮-૨૧, ૨૧-૧૯ અને ૨૪-૨૨થી પરાજય આપ્યો હતો આ બંને ખેલાડીઓ વચ્ચેનો મુકાબલો રોચક રહ્યો હતો.



નવરાત પૂર્ણ થયા બાદ પણ શહેરમાં ગરબા મહોત્સવની ઉજવણીનો રંગ ફીક્કો પડયો નથી. જયોતિ મહિલા મંડળ દ્વારા શરદપૂર્ણિમાના દિવસે અરવિંદ કેન્દ્ર સેકટર-૨૩ ખાતે બેઠા ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૦૦ જેટલી બહેનોએ ભાગ લીધો હતો. સાથે ગરબા સુશોભન હરિફાઈ પણ રાખવામાં આવી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

# આવાસોના ધાબે ચાઈનામોજેકનું કામ હાથ ધરવા વિભાગને દરખાસ્ત

## આવાસોના ધાબાની છત મજબૂત અને સલામત રાખવા આયોજન : એક બ્લોકનો અંદાજિત ખર્ચ ૩ લાખ

ગાંધીનગર, તા. ૭

શહેરમાં મજબૂતીકરણ હેઠળ આવરી ન લેવાયા હોય તેવા સરકારી આવાસોની છત વધુ મજબૂત રહે તે માટે આવાસોના ધાબે ચાઈનામોજેકનું કામ હાથ ધરવા દરખાસ્ત કરવામાં આવી છે.

શહેરમાં આવાસ મજબુતી કરણની યોજના અન્વયે હજુ માંડ ૪૦ ટકા કામગીરી જ થઈ છે. અલબત્ત મોટાભાગના મકાનો હજી મજબુતીકરણ હેઠળ આવરી લેવાના બાકી છે. જયારે આ પૈકી ઘણા-ખરા મકાનો ભયજનક હાલતમાં હોવાનું પણ ધ્યાને આવ્યું છે. બીજીતરફ જાળવણીના અભાવે દાયકાઓ જૂના સરકારી મકાનો દિનપ્રતિદિન ખંડેર બનતા જાય છે. આવા સંજોગોમાં આવાસોના ધાબે સ્થિત પાણીની બિન ઉપયોગી ટાંકીઓ પણ તોડી પાડવાનો નિર્ણય લેવાયો છે. જયારે ચોમાસા દરમિયાન વરસાદી પાણી ઉતરતા આવાસોમાં ભેજની સમસ્યા ઉદ્ભવી છે. આ ઉપરાંત ભેજના લીધે છતમાંથી પોપડા ખરતા હોવાની વ્યાપક ફરિયાદો ઉદ્ભવે છે. આવા સંજોગોમાં ધાબાની છત મજબૂત અને સલામત બનાવવા મજબુતીકરણ દરમિયાન ધાબા ઉપર ચાઈના મોજેકનું કામ હાથ ધરવામાં આવે છે. જયારે જે આવાસોના રીનોવેશનનું કામ હજુ હાથ ધરાયુ નથી તેવા સે. ૯, ૩૦, ૨૩ અને સે. ૨૧ ના વિવિધ કક્ષાના આવાસોના ધાબે ચાઈનામોજેકનું કામ હાથ ધરવા તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. આ સેક્ટરોમાં ચાઈનામોજેકનું કામ હાથ ધરવા અંદાજિત રૂ. ૧ કરોડનો ખર્ચ થાય તેમ છે.

# ઈન્ફોસિટી ક્લબ દ્વારા શરદોત્સવની ઉજવણી : આજે રાસ-ગરબા યોજાશે

## જાણીતા કલાકાર જયકર ભોજકના સૂરે ખેલૈયાઓ રાસે ઘુમશે : નમો બર્થ ડે ગ્રિટીંગ કાર્ડ કોમ્પિટીશનના વિજેતાઓને પણ ઈનામો અપાશે

ગાંધીનગર, તા. ૭

ઈન્ફોસિટી ક્લબ ખાતે શરદોત્સવની ઉજવણી અન્વયે તા. ૮ ઓકટોબરના રોજ રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. આ દરમિયાન જાણીતા કલાકાર જયકર ભોજકના સૂરે ખેલૈયાઓ ગરબાની મજા માંડશે. ગરબા મહોત્સવ દરમિયાન નમો બર્થ ડે ગ્રિટીંગ કાર્ડ કોમ્પિટીશનના વિજેતાઓને ઈનામો પણ એનાયત કરવામાં આવશે.

ગાંધીનગર સ્થિત ઈન્ફોસિટી ક્લબ એન્ડ રિસોર્ટ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિની ઉજવણી આગવી રીતે કરવાના આશયથી 'નમો બર્થ ડે કાર્ડ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૧ સપ્ટેમ્બરના રોજ આયોજીત સ્પર્ધામા 'તા. ૧૫મી સપ્ટેમ્બર પહેલા મળી જાય તે રીતે એન્ટ્રીઓ મંગાવવામાં આવી હતી. માત્ર ત્રણ-ચાર દિવસના ગાળામાં ૬ વર્ષથી માંડીને ૧૫ વર્ષના બાળકોએ નોંધપાત્ર સંખ્યામાં જાતે બર્થ ડે ગ્રિટીંગકાર્ડ બનાવીને મોકલ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં જન્મદિન તા. ૧૭મી સપ્ટેમ્બરે ઈન્ફોસિટી ક્લબ એન્ડ રિસોર્ટ ખાતે શ્રીમતી અંજુ બારોટ, ડૉ. રાજેશ ભોજક દ્વારા આ સ્પર્ધાના ત્રણ વિજેતા જાહેર કરાયા હતા. બાળકોએ વિવિધ રંગો, ડેકોરેટીવ મટિરીયલ્સ વગેરેનો ઉપયોગ કરીને જાતે ગ્રિટીંગ કાર્ડ બનાવ્યા હતા. સાથે ગ્રિટીંગ કાર્ડમાં નિર્દોષ વાક્યો અને શબ્દો દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જન્મદિનની મુબારકબાદ આપી હતી.

## દિવાળીમાં ચોપડા લાવવાના શુભ મૂહુર્તો

● શરદપૂર્ણિમા-આસો સુદ-૧૫ બુધવાર તા. ૮-૧૦-૨૦૧૪
સવારે ૦૬.૦૦ થી ૦૯.૦૦
સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦
બપોરે ૦૩.૦૦ થી ૦૬.૦૦
રાત્રે ૦૭.૩૦ થી ૧૨.૦૦

● આસો વદી-૫ સોમવાર તા. ૧૦-૧૦-૨૦૧૪
સવારે ૦૬.૦૦ થી ૦૭.૩૦
સવારે ૦૯.૦૦ થી ૧૦.૩૦
બપોરે ૦૧.૩૦ થી ૭.૩૦
રાત્રે ૧૦.૩૦ થી ૧૨.૦૦

● પુષ્ય નક્ષત્ર આસો વદી-૮ ગુરૂવાર તા. ૧૬-૧૦-૨૦૧૪
ગુરૂપુષ્યામૃત અમૃત સિદ્ધિયોગ
સવારે ૧૦.૪૫ થી ૦૩.૦૦
બપોરે ૦૪.૩૦ થી ૦૯.૦૦
રાત્રે ૧૨.૦૦ થી ૦૧.૩૦

● પુષ્ય નક્ષત્ર - આસોવદી-૯ શુક્રવાર તા. ૧૭-૧૦-૨૦૧૪
સવારે ૦૬.૦૦ થી ૧૦.૩૦
બપોરે ૧૨.૦૦ થી ૦૧.૩૦

**દિવાળીના શુભ મૂહુર્તો**

● ધનતેરસ-આસોવદી-૧૩ મંગળવાર તા. ૨૧-૧૦-૨૦૧૪
લક્ષ્મીપૂજન તથા શારદા પૂજન
સવારે ૦૯.૦૦ થી ૦૧.૩૦
બપોરે ૦૩.૦૦ થી ૦૪.૩૦
રાત્રે ૦૭.૩૦ થી ૦૯.૦૦
રાત્રે ૧૦.૩૦ થી ૦૧.૩૦

● કાળી ચૌદશ - આસો વદી-૧૪ બુધવાર તા. ૨૨-૧૦-૨૦૧૪
યંત્ર-મશીનરી, ખડિયામાં સહી પૂરવી, હનુમાન પૂજા
સવારે ૦૬.૦૦ થી ૦૯.૦૦
સવારે ૧૦.૩૦ થી ૧૨.૦૦
બપોરે ૦૩.૦૦ થી ૦૬.૦૦
સાંજે ૦૭.૩૦ થી ૧૨.૦૦

● દિવાળી આસોવદી-અમાસ ગુરૂવાર તા. ૨૩-૧૦-૨૦૧૪
શારદાપૂજન
સવારે ૦૬.૦૦ થી ૦૯.૦૦
સવારે ૧૦.૩૦ થી ૦૩.૦૦
બપોરે ૦૪.૩૦ થી ૦૯.૦૦
રાત્રે ૧૨.૦૦ થી ૦૧.૩૦

● બેસતુ વર્ષ - કારતક સુદ-૧, શુક્રવાર તા. ૨૪-૧૦-૨૦૧૪

**દુકાન મૂહુર્ત**

સવારે ૦૬.૦૦ થી ૧૦.૩૦

# ગાંધીનગરમાં વધતો વાઈરલનો ઉપદ્રવ

## ડબલ ઋતુમાં શરીરનું અનુકુલન સધાવુ મુશ્કેલ બન્યું : માથુ-હાથ-પગ દુખવા, શરદી-તાવ-ખાંસી જેવા વાઈરલ રોગનો ભરડો વધ્યો

ગાંધીનગર, તા. ૭


ગાંધીનગરમાં નવરાત્રી મહોત્સવનું સમાપન થઈ ચુક્યુ છે અને નગરજનો હાલ રાસ-ગરબાનો થાક ઉતારવામાં વ્યસ્ત છે. નવરાત્રીના થાક ઉપર નગરમાં ડબલ ઋતુની પરિસ્થિતિ સર્જાતા હાલ નગરજનો વિવિધ નાની મોટી બિમારીનો શિકાર બની રહ્યા છે.

ગાંધીનગરમાં અત્યારે દિવસ દરમ્યાન ગરમીનો પારો વધી જાય છે. જ્યારે રાત્રે ભેજનું પ્રમાણ જણાતા વાતાવરણમાં શિયાળાના આગમનની ઠંડી વર્તાય છે. આજે દિવસ દરમ્યાન ગરમીનું મહત્તમ તાપમાન ૩૯.૦૨ ડિગ્રી સે. નોંધાયું હતું. જેના કારણે ભેજનું પ્રમાણ ઘટીને માત્ર ૪૮ ટકા સુધી આવી ગયું હતું. આજે સવારે ભેજનું પ્રમાણ ૬૪ ટકા હતુ અને લઘુત્તમ તાપમાન ૨૫ ડિગ્રી સે. નોંધાવા પામ્યું છે. આમ મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે લગભગ ૧૪ ડિગ્રીથી વધુનો તફાવત જોવા મળ્યો હતો. જેના કારણે નગરજનોને ડબલ ઋતુનો અહેસાસ થઈ રહ્યો છે. ડબલ સીઝનના કારણે નગરજનો ઋતુજન્ય બિમારીનો ભોગ બની રહ્યા છે.

દિવસે તડકો તેનો આકરો મિજાજ બતાવે છે. જ્યારે રાત્રે ઠંડીનું પ્રમાણ વધી જાય છે. આમ ડબલ સીઝનના કારણે નગરજનોમાં શરદી, કફ, તાવ, માથુ દુઃખવુ, હાથ-પગ તુટવાથી લઈને ટાઈફોઈડ, મેલેરીયા અને કમળાની બિમારીઓએ પણ દેખા દીધી છે. એક તરફ નવરાત્રીનો થાક અને તેના કારણે હાથ-પગ અને શરીરના સાંધાના દુઃખાવાનો ભોગ બન્યા હોય તેવા લોકોને ઉપરથી વાઈરલ બિમારી પણ સતાવી રહી

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી
**સ્વ. જાદવભાઈ ઉકાભાઈ સોલંકીનું** દુઃખદ અવસાન
તા.૦૫-૧૦-૨૦૧૪ને રવિવારના રોજ થયેલ છે. **સદ્‌ગતનું બેસણું**
**અને પ્રાર્થનાસભા તા.૦૯-૧૦-૨૦૧૪ને ગુરૂવારના રોજ**
**સવારે ૮ થી ૧૨ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે

**સ્થળ : પ્લોટ નં. ૨૨૯/૨, સેક્ટર-૩એ (ન્યુ), R.T.O Road, ગાંધીનગર.**

**ગં.સ્વ. કુસુમબેન જાદવભાઈ સોલંકી**

| | |
|---|---|
| જગદીશ જે. સોલંકી | જયશ્રીબેન દેવાંગન |
| રાજેશ જે. સોલંકી | મો. ૯૮૨૫૦ ૦૦૬૬૧ |
| મો. ૯૮૨૫૦ ૯૮૪૮૬ | ગીતાબેન ભારવા |
| હરેશ જે. સોલંકી | મહેન્દ્રકુમાર ભારવા |
| પરેશ જે. સોલંકી | અને સમગ્ર પરિવાર |

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
TATA
STEEL • PIPES • SHEETS
VINAYAK 500
TMT BARS - ISI
BENELAVE
BATH FITTINGS
DR. FIXIT

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com